





## દ્વિ દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનુ સમાપન : મોઢેરાના સૂર્ય મંદિરમા અદ્‌ભૂત કલા વારસો કંડરાયેલ છે

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે ઉજવાઈ રહેલ દ્વિ દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનુ આજે સમાપન થયુ હતું. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર ખાસ ઉપસ્થીત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશમા કાશ્મિરનુ માર્કંડ મંદિર, ઓરિસ્સામા કોણાર્કનુ સૂર્ય મંદિર અને ગુજરાતમા મોઢેરાનુ સૂર્ય મંદિર સૂર્યની પૂજા સાથે સંકળાયેલ છે. અને તે પ્રાચિન સમયમા ઉર્ઝાનુ મહત્વ શું હતુ તેની સમજ આપે છે. તેમને વધુમા જણાવ્યું હતું કે મોઢેરાના સૂર્ય મંદિરના શિલ્પોમા એક જીવંતતા જોવા મળે છે અને તે પ્રાચિન સંસ્કૃતિની આગવી ઓળખ આપે છે.આ પ્રસંગે યુવક સેવા રાજ્ય મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે મોઢેરાના સૂર્ય મંદિરમા અદ્‌ભૂત કલા વારસો કંડરાયેલ છે અને નૃત્ય તેને જીવંત બનાવે છે. અને આ કલાવારસાને સાચવીને તેનુ જતન કરવાની આપણા સૌની ફરજ અને જવાબદારી છે. તેમને ઉમેર્યુ હતું કે મોઢેરાના સૂર્ય મંદિરમા સૂર્ય ઉર્જાનુ મહત્વ બતાવવામા આવ્યું છે અને દરેક વ્યક્તિએ તેની જીવનમા એક વાર મુલાકાત લેવી જોઇએ. આજના દિવસે ડૉ. શ્રીમતી ક્ષિતિજા બર્વે, ડૉ.સવર્ણ માલ્યા ગણેશ, સંજય ભટ્ટ, શિવાંગી વિક્રમ, રમ્યા ભટ્ટે ભારત નાટ્યમ અને બિના નેહુલ મહેતા અને રાધિકા મરફતિયા એ કથ્થક નૃત્ય રજુ કર્યા હતા.આ પ્રસંગે યુવક સેવા સચિવ, નિવાસી કલેકટર રમેશ મિરઝા અને મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થીત રહ્યા હતા.

# પદ્મશ્રી એવોર્ડ મેળવનાર ગેનાજી પટેલનું સન્માન કરાયું

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના સરકારી ગોળીયાના પ્રગતિશીલ ખેડૂત ગેનાજી દરગાજી પટેલને પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવતાં લોકોમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળે છે. રાજય સરકાર વતી કલેકટર જેનુ દેવને પદ્મશ્રી એવોર્ડ મેળવનાર ગેનાજી પટેલનું તેમના ફાર્મ પર જઈને શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કર્યુ હતું.



આ પ્રસંગે કલેકટરે જણાવ્યું કે દર વર્ષે ભારત સરકાર દ્વારા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ તા. ૨૫મી જાન્યુઆરીના રોજ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ નાગરિકોનું વિશેષ સન્માન કરી એવોર્ડ આપવાની પરંપરા છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના પ્રગતિશીલ ખેડૂત ગેનાજી દરગાજી પટેલને ખેતીમાં સર્વશ્રેષ્ઠ યોગદાન બદલ પદ્મશ્રી એવોર્ડ અપાતાં બનાસકાંઠા જીલ્લાના લોકોમાં અપાર આનંદ અને હર્ષની લાગણી જોવા મળે છે તે સાથે જીલ્લાનું ગૌરવ વધ્યું છે. કલેકટરે જણાવ્યું કે આજે રાજય સરકાર વતી ગેનાજીને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર આપતાં આનંદ સાથે અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. તેમણે કહ્યું કે તાજેતરમાં પ્રજાસત્તાક દિનની જીલ્લા કક્ષાની ઉજવણી વડગામ ખાતે યોજાઇ ત્યારે પણ મહાનુભાવોના હસ્તે ગેનાજીનું સન્માન કરવામાં આવ્યું હતું. કલેકટરે કહ્યું કે બનાસકાંઠા જીલ્લામાં હજુ પણ ઘણા લોકો એવા છે જેઓ ગેનાજી પટેલ જેવા સફળ અને પ્રગતિશીલ ખેડૂતો પાસેથી પ્રેરણા મેળવી સરસ પ્રગતિ કરી શકે છે.

પદ્મશ્રી એવોર્ડ અંગે પ્રતિભાવ આપતાં ગેનાજી પટેલે કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મારા જેવા સામાન્ય માણસના કામ અને આવડતની કદર કરી મને આવા મહાન એવોર્ડ અંગે લાયક માન્યો તે મારા માટે જીવનનો સર્વશ્રેષ્ઠ મહાન અને યાદગાર પ્રસંગ છે. તેમણે કહ્યું કે મારૂ સન્માન એ દેશના તમામ ખેડૂતોનું સન્માન છે.

આ પ્રસંગે અગ્રણી હેમરાજભાઈ પટેલ, પ્રાન્ત અધિકારી કે.એસ.ગેલાત, ગામના અગ્રણીઓ અને ગેનાજી પટેલના પરિવારજનો ઉપસથિત રહ્યા હતા.

# સાધ્વી જ્યશ્રીગિરિ છેતરપિંડી કેસનો સહઆરોપી ઝડપાયો

## સાધ્વી જ્યશ્રીગિરીના પૂર્વ સાધકો જ પડ્યા મેદાને : ભાજપના પૂર્વ સાંસદના નામે રૂપિયા સવા કરોડ પડાવ્યા હોવાની ઓડિયો કલીપ થઈ વાયરર

પાલનપુર, તા. ૩૦

મોકેશ્વર મઠના વિવાદિત સાધ્વી જ્યશ્રીગિરી છેતરપિંડી કેસનો સહ આરોપી ચિરાગ રાવલ ઝડપાઈ ગયો છે. પાલનપુરના માનસરોવર વિસ્તારમાંથી એલ.સી.બી. પોલીસે ચિરાગ રાવલને દબોચી લીધો હતો. ત્યારે સહ આરોપી ચિરાગ રાવલની ધરપકડ બાદ થનારા નવા ખુલાસથી સાધ્વીની મુશ્કેલીઓ વધે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

મુકતેશ્વર મઠના સાધ્વી જ્યશ્રીગિરી સામે રૂ. ૫ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાયા બાદ તેઓ પોલીસ ગિરફ્તમાં છે. સાધ્વી ફરતે કાનૂની શિકંજો કસાતા તેઓના એક પછી એક કરતૂતો બહાર આવી રહ્યા છે. ખુદ સાધ્વીના સાધકો તેમના સામે મેદાને પડી સાધ્વીના ગુનાહિત ભૂતકાળને ઉજાગર કરી રહ્યા છે. ગતરોજ સાધ્વીના પૂર્વ સાધક રાજન બારડે સાધ્વીના અંગત જીવન સહિત તેમના ગુનાહિત ભૂતકાળ તથા મોડસ ઓપરેન્ડીસ પર પ્રકાશ પાડતા ચોંકાવનારા આક્ષેપ કર્યા હતા. જયારે મહેસાણા નિખિલ બ્રહ્મભટ્ટે પણ સાધ્વી જયશ્રીગિરીને મોટા રાજકારણીઓ સહિત અધિકારીઓ સાથે ઘરોબો હોવાનો દાવો વ્યક્ત કરતા તેઓને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.



આમ, સાધ્વી જ્યશ્રીગિરી ફરતે કાનૂની ગાળિયો કસાયા બાદ દિન-પ્રતિદિન નવા ખુલાસાઓ બહાર આવતા સાધ્વી જ્યશ્રીગિરી સામેની મુશ્કેલીઓ વધી રહી છે.

### સાધ્વી જ્યશ્રીગિરિ વધુ એક દિવસના પોલીસ રિમાન્ડ પર

મુક્તેશ્વર મઠના વિવાદિત સાધ્વી જ્યશ્રીગિરીના ૩ દિવસના પોલિસ રિમાન્ડ પુરા થતા આજે સાંજે તેઓને પાલનપુરના ન્યાય



સંકુલમાં આવેલી ત્રીજી એડિશનલ કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં પોલીસે સાધ્વી તપાસમાં સહકાર આપતા ન હોઈ વધુ તપાસ માટે ૧૦ દિવસના પોલિસ રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, નામદાર કોર્ટે સાધ્વીના ૧ દિવસના રિમાન્ડ મૅંજૂર કર્યા હતા. આમ, એક દિવસના પોલીસ રિમાન્ડ બાદ આવતી કાલે સાધ્વીને ફરી કોર્ટમાં રજૂ કરાશે. ત્યારે પોલીસ એક દિવસના રિમાન્ડમાં સાધ્વી પાસેથી કેટલું સત્ય ઓકાવી શકે છે તે જોવું રહ્યું..!!

### ભાજપના પૂર્વ સાંસદના નામે પણ ઉઘરાણું..?

જયારે આજે અમદાવાદ ખાતેના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પણ સાધ્વી વિરૂદ્ધ ચેતન પંચાલ નામના પીડિતે લેખિત રજુઆત કરી હોવાના અહેવાલ મળ્યા છે. જે ચોંકાવનારા અહેવાલમાં સાધ્વીએ ચોટીલાના નવલગીરી નામના વ્યક્તિ પાસેથી હાઉસિંગની જમીન એક્વાયર કરાવી આપવાના કામે ભાજપના પૂર્વ સાંસદ જ્યંતિભાઈ બારોટના નામે રૂ. સવા કરોડ પડાવી લીધા હોવાની ટેલિફોનિક ઓડિયો કલીપ પણ વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે.

# ધાનેરા પોલીસે નેનવા ચેક પોસ્ટ પરથી દારૂ ભરેલી ટ્રક સાથે બે આરોપીઓ ઝડપાયા

## ૨૪ લાખ કરતા પણ વધુનો મુદ્દમાલ ઝડપી પડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરા પોલીસે નેનવા ચેક પોસ્ટ પરથી દારૂ ભરેલી ટ્રક સાથે અને આરોપી સાથે ૨૪ લાખ કરતા પણ વધુ નો મુદ્દમાલ ઝડપી પડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.



થરાદ ડિવિઝનના ના નાયબ પોલીસ અધિક્ષક યુ આર પટેલ અને ધાનેરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એસ.એન.પટેલ પ્રકાશભાઈ રબારી ભેમજીભાઈ ,કરણસીંગ ,દિલાવરખાન તેમજ પોલીસ ટિમ વાહન ચેકીંગ માં હતી તે દરમ્યાન ખાનગી રહે બાતમી મળેલી કે રાજેસ્થાની થી દારૂ ભરીને ટ્રક આવી રહી છે ત્યારે ધાનેરા તાલુકા ની નેનવા ચેક પોસ્ટ પાર નાકાબંધી કરવામાં આવી હતી અને બાતમી વળી ટ્રક આવતા તેની તલાસી લેતા તે માંથી વિદેશી દારૂ ની પેટી નંગ ૩૭૫ જેની કિંમત ૧૪ લાખ ૬૫ હાજર ૨૦૦ મુદ્દામાલ મળી આવ્યો હતો ત્યારે પોલીસે ગાડી ના ચાલાક હેમતરામ ભાખરરામ વિશ્નોઇ અને અને ગાડી ના મળી સતીષકુમાર હેમતરામ વિશ્નોઇ ની અટકાયત કરી હતી પોલીસે આરોપી પાસેથી મોબાઈલ સાલિત્ત ૧૪ લાખનો દારૂ અને ૧૦ લાખની ગાડી કુલ મળી ૨૪ લાખ કરતા પણ વધુ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે પર સર્જાયો અકસ્માત

## કાર વચ્ચેથી અર્ધી ચીરાઈ ગઈ : કાર ચાલક તથા કારમાં સવાર ડૉક્ટરને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર પાસે અમદાવાદ તરફ આવતી કાર સાઈડમાં આવેલ ગરનાળા ઉપર ચડી જતા કાર વચ્ચેથી ચીરાઈ ગઈ હતી અને કારમાં સવાર બે ને ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા.



અમદાવાદ તરફથી ફુલ ફાસ્ટ ઝડપે આવતી કાર કાર ચાલકે પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે અચાનક સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર સાઈડમાં આવેલ ગરનાળા ઉપર ચડી ગઈ હતી અને કાર વચ્ચેથી ચીરાઈ ગઈ હતી જયારે કાર ચાલક મનોજ પંડ્યા તથા કારમાં સવાર પ્રાંતિજના પોગલુ પી.એચ.સી. માં ડૉકટર તરીકે ફરજ બજાવતાં ડૉ. અમૃતભાઈ સોલંકીને પગે તથા શરીરે વત્તાઓછી ઈજાઓ પહોચતા બંન્ને ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# અરવલ્લી-સાબરકાંઠાની કૃષિ ધિરાણ મંડળીઓ બે વર્ષના ૩ ટકા વ્યાજ વળતરથી વંચિત

મોડાસા, તા. ૩૦

સરકારની જાહેરાત માત્ર કાગળ ઉપર જ રહેતા અરવલ્લી-સાબરકાંઠાની કૃષિ ધિરાણ મંડળીઓ બે વર્ષના ત્રણ ટકા મુજબનું વ્યાજ વળતરથી વંચિત રહેવા પામી છે. જેના કારણે ખેડૂતોને વ્યાજમાં મળવા પાત્ર વળતર આજદિન સુધી નહીં ચુકવાતા કેન્દ્ર સરકારે જાહેર કરેલ બે વર્ષનું વ્યાજ અંગે કિસાનોમાં વ્યાપક કચવાટ જોવા મળી રહ્યો છે.

કેન્દ્ર સરકારે કૃષિ ધિરાણ મેળવતા ખેડૂતોને વ્યાજના બોજામાં રાહત આપવાના શુભાશયથી જે તે કૃષિ મંડળીઓ અને ધિરાણ સંસ્થાઓમાંથી કૃષિ ધિરાણમાં ખેડૂતોને ત્રણ ટકા વળતર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ અને વર્ષ ૧૫-૧૬ એમ વર્ષના ત્રણ ટકા લેખે કિસાનોને વ્યાજ વળતર નહિ ચુકવાતા ભારત સરકારે કરેલી વ્યાજ રાહત વળતરની જાહેરાત જાણે કે કાગળ ઉપર જ રહી જવા જેવો ઘાટ સર્જાયો છે. આ સ્થિતિથી હાલની આર્થિક કટોકટીભરી હાલતમાં ખેડૂતોને વ્યાજમાં કઈ જ વળતર ફાયદો મળ્યો નથી. જેના ઘેરા પ્રત્યાઘાતો રાજ્યની તમામ કૃષિ ધીરાણ આપતી સંસ્થાઓ, મંડળીઓ સાથે સંકળાયેલ ખેડૂતોમાં પડ્યા છે. રાજ્યના કૃષિ મંત્રી આ દિશામાં ઘટતા પગલાં લઈ બબ્બે વર્ષના ત્રણ ટકા વ્યાજ રાહતના નાણા ચૂકવી આપવામાં આવે તેવી ખેડૂતોની ઉગ્ર માંગ છે.